ક

**"ડો. આંબેડકર આવાસ યોજના" હેઠળ અપાતી મકાન સહાયની રકમમાં વધારો કરવા બાબત.**

**ગુજરાત સરકાર.**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.**
**ઠરાવ ક્રમાંક :– અબક/૧૦૨૦૦૦/૪૬૪/છ.**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ– ૨૯ – ૮ – ૨૦૦૧.**

**વંચાણે લીધા :–**

(૧) સરકારશ્રીના સા.ન્યા અને અ.વિ. ના ઠરાવ ક્રમાંકઃ–અબક/૧૦૯૯/૭૬૯/છ, તા.૨૨–૨–૨૦૦૦.
(૨) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃ– અબક/૧૦૨૦૦૦/૩૭૧/છ, તા.૧૬–૩–૨૦૦૦.
(૩) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃ– અબક/૧૦૨૦૦૦/૪૬૪/છ, તા.૨૮–૪–૨૦૦૦.
(૪) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃ– અબક/૧૦૨૦૦૦/૧૮૨૩/છ, તા.૧૯–૧૦–૨૦૦૦.
(૫) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃ–અબક/૧૦૨૦૦૧/મં–૧૧/છ, તા.૧૫–૬–૨૦૦૧.

**ઠરાવ :–**

આમુખમાં જણાવેલ ક્રમાંક–(૧) થી (૫) આગળના જુદા જુદા ઠરાવો અન્વયે રાજ્યમાં અનુ. જાતિના લોકો માટે વ્યક્તિગત ધોરણે મકાન બાંધવા સહાય આપવા અંગેની "ડો. આંબેડકર આવાસ યોજના" અમલમાં છે. જેમાં અનુ. જાતિના લાભાર્થીઓને રૂ.૩૦,૦૦૦/ ની આર્થિક સહાય ત્રણ હપ્તામાં આપવાનું ધોરણ આમુખના ક્રમાંકઃ– (૫) માં દર્શાવેલ તા.૧૫–૬–૨૦૦૧ ના ઠરાવથી નિયત થયેલ છે. આ યોજના હેઠળ હવે પછી બનનાર મકાનો ભૂકંપ સામે ટકી શકે તેવા બનાવવાની જરૂરીયાતને ધ્યાને લેતાં, મકાન બનાવવા માટે વધુ રકમ ખર્ચવાનું જરૂરી હોવાનું જણાયું છે. આ બાબતને ધ્યાનમાં લઈ રૂ. ૩૦,૦૦૦/– ની આર્થિક સહાયમાં વધારો કરીને રૂ.૪૦,૦૦૦/– કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે, "ડો.આંબેડકર આવાસ યોજના" હેઠળ આપવામાં આવતી રૂ.૩૦,૦૦૦/– ની આર્થિક સહાયમાં વધારો કરી સરકારશ્રી દ્વારા રૂ.૪૦,૦૦૦/–(અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા) સહાય પેટે આપવાનું આથી ઠરાવવામાં આવે છે. આ સહાયમાં કરેલ વધારાના અમલ અંગે ઉપર આમુખમાં દર્શાવેલ આ વિભાગના ઠરાવોની જોગવાઈઓ અને અન્ય શરતો યથાવત રહેશે. આ ઠરાવ બહાર પાડ્યાની તારીખે જે અરજીઓ પડતર હોય તથા જેમાં એક પણ હપ્તો ચૂકવાયો ન હોય તેવા કિસ્સાઓમાં પણ આ હુકમો લાગુ પડશે. આ યોજના હેઠળ વધારવામાં આવેલ સહાયનો ખર્ચ આ યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં ફાળવેલ પ્લાન સીલીંગની મર્યાદામાં કરવાનો રહેશે.

૩. ભૂકંપ પ્રતિરોધક આવાસો / મકાનો બનાવવા નીચે જણાવેલ કામો કરવાના રહેશેઃ–

(અ) **સાઈસ્મિક ઝોન ૩ તથા ૪ માટે**

૧. પ્લીન્થ લેવલે આડો આર.સી.સી. બેન્ડ ૭.૫ સે.મી. જાડાઈનો
૨. લીન્ટલ લેવલે આર.સી.સી. લીન્ટલ બેન્ડ ૭.૫ સે.મી.જાડાઈનો
૩. મકાનના ખૂણા ઉપર તથા ટી–જંકશન ઉપર ઊભા લોખંડના ૧૦ મી.મી.વ્યાસના સળિયા મુકવાના રહેશે.

પાછળ.....

**(બ) સાઈસ્મિક ઝોન-૫ માટે**

જ્યારે <u>સાઈસ્મિક ઝોન-૫ ના વિસ્તારમાં (કચ્છ જીલ્લો)માં મકાનો બનાવવા માટે ઉપરોક્ત(અ)માં દર્શાવેલ ગજ પ્રમાણે ઉપરાંત વધારાના નીચે મુજબના ભૂકંપ પ્રતિરોધક કામો કરવાના રહેશે:-</u>

૧. બારી દરવાજાના ઓપનીંગની આજુબાજુ લોખંડના સળિયા મૂકી મજબુતાઈનું કામ કરવાનું રહેશે.

૨. સીલ લેવલે ખૂણા તથા ટી-જંકશનની દિવાલો ઉપર યુ આકારના સળિયા ૦.૯૦ મીટર લંબાઈના ૧:૩ સિમેન્ટ રેતીના કેલથી ભરીને મુકવાના રહેશે.

૩. ચણતરનું કામ સીમેન્ટ,રેતી કેલ (૧:૬)ને બદલે (૧:૪)માં કરવાનું રહેશે.

આ બાબતો અનુસૂચિત જાતિના લાભાર્થીઓને સહાય ચૂકવતા પહેલા લાભાર્થીના ધ્યાને મુકવાની રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૩-૮-2001 ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

( વિ.એચ.પરમાર )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

* માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર.
માન.મંત્રીશ્રી, સા.ન્યા.અને અ. વિ. અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના માન.નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ.
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે જીલ્લાના સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત).
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
પે એન્ડ એકાઉન્ટ ઓફિસર, અમદાવાદ / ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડીટ ઓફિસર, અમદાવાદ / ગાંધીનગર.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
સા.ન્યા. અને અ.વિ. ના સર્વે અધિકારીશ્રીઓ / શાખાઓ.('હ' શાખા સિવાય)
<u>પસંદગી ફાઈલ.</u>

* પત્ર દ્વારા.